શહેરમાં હોટ ફિક્સના કચરામાં આગની ઘટનાઓ યથાવત

કાપોદ્રામાં એક જ રાતમાં બે સ્થળે આગ ભભૂકી, ધુમાડાને કારણે સ્થાનિક લોકોને મુશ્કેલી, ફાયર બ્રિગેડે સમયસર કાબૂ મેળવતાં મોટી દુર્ઘટના ટળી

સુરતઃ શહેરમાં હોટફિક્સના કચરામાં આગ લાગવાની ઘટનાઓ અટકવાનું નામ નથી લેતી. કાપોદ્રા વિસ્તારમાં એક જ રાતમાં બે અલગ-અલગ સ્થળે હોટ ફિક્સના કચરામાં આગ લાગતાં ફાયર બ્રિગેડની ટીમો દોડતી થઈ હતી. જોકે, ફાયર જવાનોએ સમયસર સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવી લેતાં આગ વધુ પ્રસરતી અટકી હતી અને મોટી દુર્ઘટના ટળી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ સોમવારે રાત્રે 11:45 કલાકે કાપોદ્રા વિસ્તારમાં આવેલ નીલકંઠ સોસાયટી પાસે હોટફિક્સના કચરામાં અચાનક આગ લાગી હતી. આ ઉપરાંત મોડી રાત્રે બુટભવાની પાસે પણ કચરામાં આગ લાગવાની ઘટના બની હતી. એક જ રાતમાં બે સ્થળે આગની ઘટનાઓ સામે આવતાં ફાયર વિભાગની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. સમયસર આગ ઓલવી દેવામાં આવતાં આગ આસપાસના વિસ્તારમાં ફેલાતી અટકી હતી અને અન્ય કોઈ મોટું નુકસાન થતું બચ્યું હતું. શહેરમાં હોટ ફિક્સના કચરાના નિકાલ અને તેમાં

વારંવાર આગ લાગવાની ઘટનાઓને પગલે આ સમસ્યા ફરી ચર્ચામાં આવી છે. કચરામાં આગ લાગવાથી આસપાસના વિસ્તારોમાં જોખમ ઊભું થવાની સાથે ધુમાડાને કારણે સ્થાનિક લોકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

HDFC BANK HDFC Bank Ltd. ડિમાન્ડ નોટીસ

૨૦૧-૨૦૪, [illegible], સુરત-૩૯૫ ૦૦૯.

[illegible]

ક્રમ નં.	કરજદારોના નામ	કુલ ચૂકવવાના બાકી લેણા	ડિમાન્ડ નોટિસની તારીખ	સીક્યોર્ડ એસેટ્સ / સ્થાવર મિલકત નું વર્ણન.
	(બી)	(સી)	(ડી)	(ઈ)
૧.	[illegible]	[illegible]	૨૩/૧૦/૨૦૨૬	[illegible]
૨.	[illegible]	[illegible]	[illegible]	[illegible]
૩.	[illegible]	[illegible]	[illegible]	[illegible]
૪.	[illegible]	[illegible]	[illegible]	[illegible]
૫.	[illegible]	[illegible]	[illegible]	[illegible]
૬.	[illegible]	[illegible]	[illegible]	[illegible]
૭.	[illegible]	[illegible]	[illegible]	[illegible]
૮.	[illegible]	[illegible]	[illegible]	[illegible]

[illegible]

તારીખ: [illegible]
સ્થળ: સુરત.

[illegible] અધિકૃત અધિકારી.

Regd. Office: HDFC Bank Ltd., HDFC Bank House, Senapati Bapat Marg, Lower Parel (West), Mumbai - 400 013.
Corporate Identity No.: L65920MH1994PLC080618

અનુસંધાન... પાના પહેલાનું

સાઉદી અરેબિયાએ...

પહેલા સાઉદી અરેબિયાએ હૂતીઓને તેમના કાબૂવાળા વિસ્તારોમાંના કર્મચારીઓને પગાર ચુકવવા માટેની રકમ આપવાની ખાતરી આપી હતી પણ સાઉદીએ આ ખાતરીનું પાલન નહીં કર્યું તે પણ આ હુમલાઓ શરૂ થવાનું એક કારણ છે. આ બેઠક મક્કા કરારના ભાગીદારી દેશો દ્વારા આયોજીત કરવામાં આવી હતી એમ જાણવા મળે છે. અત્રે ઉલ્લેખનીય છે કે યમનની સરકાર સામે લડી રહેલા હૂતી બળવાખોરોએ તાજેતરમાં સાઉદી અરેબિયામાં વિવિધ ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા જેમાં ભારતીયો સહિત અનેક લોકો માર્યા ગયા હતા.

ચીનમાં AI...

સાબિત થયા છે, જેનો અર્થ એ છે કે ઘણી ટેક કંપનીઓ નફો કમાવવામાં સંઘર્ષ કરી રહી છે. નફાનો અભાવ એ વેચવાલી પાછળના ઘણા કારણો પૈકીનું એક છે. બીજું કારણ પશ્ચિમી દેશો, ખાસ કરીને અમેરિકા દ્વારા ચીની ટેકનોલોજી પરના પ્રતિબંધો લંબાવવાનું જોખમ છે. સેમિકન્ડક્ટર અને એઆઇ સેકટરની કંપનીઓ ધરાવતા સ્ટાર 50 ઇન્ડેક્સ જુલાઈની ઊંચી સપાટીથી ચાર મહિનાથી ઓછા સમયમાં લગભગ 40 ટકા ઘટ્યો છે. આનાથી બજારના મૂલ્યમાં લગભગ 480 અબજ ડોલરનો ઘટાડો થયો છે.

ઇઝરાયેલની ચૂંટણીમાં...

દર કલાકના આંકડા માપવામાં આવે છે. સેન્ટ્રલ ઇલેક્શન્સ કમિટીના કાર્યવાહક ડિરેક્ટર જનરલ ડીન લિવને જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં 40 લાખથી વધુ મતદારોએ પોતાના મત આપ્યા છે. દરમિયાન, જનમત સર્વેક્ષણો દર્શાવે છે કે નેતન્યાહૂની લિકુડ પાર્ટી અને આઇઝેનકોટના નેતૃત્વ હેઠળનું વિપક્ષી જૂથ ૧૨૦ સભ્યોની ઇઝરાયેલી સંસદ નેસેટમાં બહુમતીની કોઈ ખાતરી વિના કટોકટીભરી સ્પર્ધામાં એકબીજાને ટક્કર આપી રહ્યા છે.

દિલ્હી ડાયરી...

મામલો બીજી બેંચ સમક્ષ ગયો છે, જેનાથી હું અસ્વસ્થ થયો હતો અને મેં તે સમયે મુખ્ય ન્યાયાધીશ સાથે વાત કરી હતી. તેમણે કહ્યું કે કોઈ ન્યાયાધીશે પોતાની અને પોતાની બેંચ સમક્ષ તમામ બાબતોને એકસાથે જોડવા માટે ઓર્ડર પાસ કર્યો હતો, જેની સામે મેં કહ્યું હતું કે મુખ્ય ન્યાયાધીશની સંમતિ વિના આ થઈ શકે નહીં.''

યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોડી વચ્ચે વર્ચસ્વનો વિવાદ

ભારતીય યુનિવર્સિટીઓનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરતી એક નવી સંસ્થાએ તેના પ્રમુખના નિયમિત કાર્યકાળથી વધુ સમય સુધી ચાલુ રહેવા અંગેના વિવાદમાં ઘેરાયેલા એક સદી જૂના એસોસિએશન માટે અસ્તિત્વનું સંકટ ઊભું કર્યું છે. કેન્દ્ર સરકારે 5 ઓક્ટોબરના રોજ ઇન્ડિયન યુનિસ્પોર્ટ્સ ફેડરેશન (આઇયુએસએફ)ને નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન તરીકે હંગામી માન્યતા આપી હતી. યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશમાં જણાવાયું છે કે, 'આઇયુએસએફને મળેલી આ માન્યતાનો અર્થ ભારતમાં યુનિવર્સિટી રમતગમતના પ્રચાર અને વિકાસ માટે આઇયુએસએફને મોટી ભૂમિકા સોંપવાનો છે.' 1,000થી વધુ યુનિવર્સિટીઓનું પ્રતિનિધિત્વ કરતા એસોસિએશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ (એઆઇયુ)એ સરકારના નિર્ણયને દિલ્હી હાઇકોર્ટમાં પડકાર્યો છે, જેણે 15 ઓક્ટોબરના રોજ આગામી સુનાવણી 13 જાન્યુઆરી, 2027 સુધી આ આદેશ પર સ્ટે આપ્યો છે. આઇયુએસએફ, જે એઆઇયુની રમતગમત સંબંધિત જવાબદારીઓ સંભાળવા માંગે છે, તેણે તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (એચઈઆઈ) પાસે સમર્થન માંગ્યું છે. આઇયુએસએફની સ્થાપના લગભગ એક ડઝન ખાનગી યુનિવર્સિટીઓને સભ્યો બનાવીને કરવામાં આવી હતી. બીજુ જનતા દળ (બીજેડી)ના ભૂતપૂર્વ લોકસભા સભ્ય અને કલિંગા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડસ્ટ્રિયલ ટેક્નોલોજી (કીટ) ડીમ્ડ યુનિવર્સિટીના સ્થાપક અચ્યુત સામંત તેના પ્રમુખ છે.

ઉજ્જવલ નિકમના જીવન પર આધારિત ફિલ્મ

પ્રખ્યાત સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર અને ભાજપના રાજ્યસભા સાંસદ ઉજ્જવલ નિકમની કોર્ટરૂમની સિદ્ધિઓ, ખાસ કરીને 2008ના મુંબઇ ત્રાસવાદી હુમલાનો કેસ, એક નવી ફિલ્મનો વિષય બન્યો છે:'પ્રહાર-ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ ઉજ્જવલ નિકમ'. વિતેલા સપ્તાહના શનિવારે દિલ્હીના ઓડિયન સિનેમા ખાતે તેમના વકીલ પુત્ર અનિકેત નિકમ દ્વારા આ ફિલ્મનું એક સ્પેશિયલ સ્ક્રીનિંગ યોજવામાં આવ્યું હતું, જેઓ મુંબઈમાં ભાજપના પ્રવક્તા પણ છે. સંસદના આગામી શિયાળુ સત્ર દરમિયાન સાંસદો માટે પણ આ ફિલ્મનું સ્પેશિયલ સ્ક્રીનિંગ યોજવામાં આવી શકે છે, તેવું જાણવા મળ્યું છે. ફિલ્મમાં અભિનેતા રાજકુમાર રાવે નિકમની ભૂમિકા ભજવી છે.

જો બેન્જામિન નેતન્યાહૂ હારી જાય તો ઈઝરાયલના વડા પ્રધાન કોણ બની શકે?



ઇઝરાયલમાં આજે સંસદીય ચૂંટણીઓ યોજાઈ રહી છે. દેશની ૧૨૧ બેઠકોમાંથી ૬૧ બેઠકો જીતનાર પક્ષ કે ગઠબંધન સરકાર બનાવશે. ઇઝરાયલી રાજકારણને જોતાં કોઇ એક પક્ષ માટે ૬૧ બેઠકો જીતવી લગભગ અશક્ય છે. વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ માટે આ ચૂંટણી જીતવી અત્યંત મુશ્કેલ બની ગઈ છે. જો કે, નેતન્યાહૂ ગઠબંધન સરકાર બનાવવામાં માહિર છે. મોટા ભાગના સર્વે સૂચવે છે કે તેમના માટે ફરીથી વડા પ્રધાન બનવું મુશ્કેલ બનશે. નરેન્દ્ર મોદી વડા પ્રધાન બન્યા પછી ભારત અને ઇઝરાયલ વચ્ચેના સંબંધો નોંધપાત્ર રીતે મજબૂત થયા છે. મોદી બે વાર ઇઝરાયલની મુલાકાત લેનારા એકમાત્ર વડા પ્રધાન છે. વડા પ્રધાન નેતન્યાહૂ સાથેની તેમની મિત્રતા સ્પષ્ટ છે. જ્યારે વડા પ્રધાન મોદી ફેબ્રુઆરીમાં તેલ અવીવની મુલાકાતે ગયા હતા, ત્યારે તેમણે સંપૂર્ણ ગંભીરતા સાથે કહ્યું હતું કે ભારત ઇઝરાયલ સાથે મજબૂત રીતે ઊભું છે. મોદી સરકારના કાર્યકાળ દરમિયાન બંને દેશો વચ્ચેની મિત્રતામાં નોંધપાત્ર વધારો થયો છે. સંરક્ષણ, ગુપ્તચર અને રાજદ્વારી ક્ષેત્રે બંને દેશો વચ્ચે મજબૂત સંબંધો વિકસાવ્યા છે. ઇઝરાયલે ભારતને ઘણી મહત્ત્વપૂર્ણ ટેકનોલોજી પૂરી પાડી છે અને ઘણી ઇઝરાયલી સંરક્ષણ કંપનીઓએ ભારતમાં ફેક્ટરીઓ સ્થાપિત કરી છે. તેથી, પ્રશ્ન એ ઊભો થાય છે કે જો નેતન્યાહૂ આ ચૂંટણી પછી વડા પ્રધાનપદ છોડી દેશે તો શું બંને દેશો વચ્ચેની વિકસિત ભાગીદારી નબળી પડશે?

બેન્જામિન નેતન્યાહૂ સત્તાવિરોધી લહેર અને ઉંમરના પરિબળનો સામનો કરી રહ્યા છે. વધુમાં, તેમને ઇઝરાયલ સંરક્ષણ દળોના ભૂતપૂર્વ ચીફ ઓફ સ્ટાફ આઈઝેનકોટ તરફથી મજબૂત પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. બેન્જામિન નેતન્યાહૂને અમેરિકાનો પણ મજબૂત ટેકો છે. ડોનાલ્ડ ટ્રમ્પ તેમને જીતાડવા માગે છે. જો તેઓ સત્તામાં પાછા ફરે તો તેમણે ઇરાન યુદ્ધને તેના અંત સુધી લઈ જવાની પ્રતિજ્ઞા લીધી છે. નેતન્યાહૂ પાસે હજુ પણ સત્તામાં પાછા ફરવાની સારી તક છે. તેમના વિરોધીઓ ઇઝરાયલની સુરક્ષાના મુદ્દાઓ પર મજબૂત દૃષ્ટિકોણ ઘડવામાં નિષ્ફળ ગયા છે. તેથી જનતા પાસે સરકાર બદલવાનું કોઈ મજબૂત કારણ નથી. તેમને સત્તા પરથી દૂર કરવા પાછળનું એકમાત્ર કારણ ધાર્મિક જૂથો વચ્ચેની આંતરિક ચર્ચાઓ હોવાનું જણાય છે.

જો બેન્જામિન નેતન્યાહૂ હારી જાય, તો ઇઝરાયલના વડા પ્રધાન કોણ બની શકે? ઇઝરાયલની જટિલ રાજકીય પરિસ્થિતિ અને લગભગ એક ડઝન પક્ષોની હાજરીને કારણે, કોઈ પણ પરિણામની ચોક્કસ આગાહી કરી શકતું નથી. ફક્ત ૧૨૧ બેઠકો અને દેશના વિવિધ ભાગોમાં ઘણા પક્ષોના અલગ અલગ સમર્થન આધારો હોવાને કારણે દરેક બેઠક નોંધપાત્ર રીતે મહત્ત્વપૂર્ણ છે. ગાદી આઇઝેનકોટ સૌથી સંભવિત દાવેદાર હોવાનું જણાય છે. તેઓ યાશર પાર્ટીનું નેતૃત્વ કરે છે, જે એક મધ્યવાદી પાર્ટી છે, જેમાં ભૂતપૂર્વ વડા પ્રધાન નફતાલી બેનેટનો પણ સમાવેશ થાય છે, જે ભારતના મજબૂત સમર્થક છે. નફતાલી બેનેટે ટુગેધર તરીકે ઓળખાતા યૈર લેપિડ સાથે જોડાણ કર્યું છે. નફતાલી બેનેટ પણ વડા પ્રધાનપદની રેસમાં મુખ્ય દાવેદાર છે. આ બે ઉપરાંત, ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન એવિગ્ડોર લિબરમેન અને ભૂતપૂર્વ જનરલ યૈર ગોલાન પણ રેસમાં છે.

ભારત અને ઇઝરાયલે ગયા વર્ષે નવેમ્બરમાં એક ઐતિહાસિક સંરક્ષણ સહયોગ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ત્યાર બાદ, આ વર્ષે ફેબ્રુઆરીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની તેલ અવીવ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે ટેકનોલોજી, સાયબર સુરક્ષા, અવકાશ અને સંરક્ષણ ઉત્પાદન પર અનેક મહત્ત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર થયા હતા. હાલમાં મુક્ત વેપાર કરાર માટે વાટાઘાટો ચાલી રહી છે. ભારત અને ઇઝરાયલ વચ્ચે ૨૦૨૫-૨૬ નાણાંકીય વર્ષમાં દ્વિપક્ષીય વેપાર ૩.૯૩ અબજ ડોલર હોવાનો અંદાજ હતો, જેને બંને દેશોએ ઝડપથી વિસ્તૃત કરવાનો નિર્ણય લીધો છે. ઈઝરાયલની ભારત માટેની નીતિ બેન્જામિન નેતન્યાહૂના યુગ પહેલાંની

દૃષ્ટિ પોઇન્ટ

■ સંજય વોરા ■

છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના ઉદ્દેશો માટે કાયદેસરતા મેળવવાના તેમના પ્રયાસો પર આધારિત છે. જો સત્તામાં પરિવર્તન આવે તો પણ, બંને દેશો વચ્ચે જોડાણની આ નીતિ ચાલુ રહેવાની શક્યતા છે. જો કે, તેમના વિરોધીએ નેતન્યાહૂના સુરક્ષા સિદ્ધાંતો વિશે ખંચકાટ વ્યક્ત કર્યો છે.

ઇઝરાયલી લેખક અને રાજકીય વિશ્લેષક એલેક પોલાર્ડ માને છે કે ભારત અને ઇઝરાયલે સંરક્ષણ, ટેકનોલોજી અને રાજદ્વારી ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. આ સંબંધ એટલો મજબૂત બની ગયો છે કે સરકાર બદલવાથી તેના પર કોઈ અસર થશે નહીં. જો કે, તેમણે એ પણ સ્વીકાર્યું કે કોઈ પણ નવા વડા પ્રધાન માટે નેતન્યાહૂ અને મોદી વચ્ચે જે ઉષ્માભર્યો સંબંધ વિકસ્યો છે તેવો સંબંધ બનાવવો એક પડકાર હશે. ઇઝરાયલ અને ભારત સારા મિત્રો રહેશે અને તેમના ગાઢ સંબંધો અકબંધ રહેશે. ઇઝરાયલમાં આ ભાગીદારીનું ખૂબ મૂલ્ય છે, પરંતુ જે પણ નવા વડા પ્રધાન બનશે તેમણે મોદી સાથે પોતાના સંબંધો વિકસાવવા પડશે. જોર્ડન, લિબિયા અને માલ્ટામાં ભારતના રાજદૂત તરીકે સેવા આપી ચૂકેલા ભૂતપૂર્વ રાજદ્વારી અનિલ ત્રિગુણાયતે કહ્યું કે ભારત અને ઇઝરાયલ વચ્ચેના સંબંધો ગમે તે સરકાર સત્તામાં આવે તો પણ સમાન રહેશે. કૃષિ, સંરક્ષણ, ગુપ્તચર અને આતંકવાદવિરોધી કામગીરી બંને દેશો વચ્ચેના સંબંધોના પાયાના પથ્થરો છે. આઈઝેનકોટ ઈઝરાયલી સેનાના ભૂતપૂર્વ વડા અને એક શક્તિશાળી વ્યક્તિ છે. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ ગાઝા પર હમાસના હુમલા પછી તેઓ નેતન્યાહૂ દ્વારા રચાયેલી કટોકટી સરકારમાં જોડાયા હતા. આઈઝેનકોટના પુત્ર ગેલનું ગાઝા યુદ્ધમાં મૃત્યુ થયું હતું. ૨૦૨૪ માં તેમણે એમ કહીને કટોકટી સરકાર છોડી દીધી કે સરકાર પાસે કોઈ વ્યૂહરચનાનો અભાવ છે. તેમણે વારંવાર વડા પ્રધાન નેતન્યાહૂ પર સ્પષ્ટ વ્યૂહરચનાનો અભાવ હોવાનો આરોપ લગાવ્યો છે. આઈઝેનકોટ હવે યાશર પાર્ટીના વડા છે અને એક મજબૂત નેતા તરીકે ઊભરી આવ્યા છે. જો કે તેમણે હજુ સુધી ભારત પ્રત્યેની તેમની નીતિ જાહેર કરી નથી. જો તેઓ વડા પ્રધાન બનશે, તો તેઓ ચોક્કસપણે નવી દિલ્હી સાથે સંબંધોને આગળ વધારવાનો પ્રયાસ કરશે. મોટા ભાગના ઇઝરાયલી નેતાઓને ભારતના મજબૂત સમર્થક માનવામાં આવે છે. ઈરાન અને ગાઝા અંગે આઈઝેનકોટના વિચારો નેતન્યાહૂ જેવા જ મજબૂત છે. તેથી, જો આઈઝેનકોટ વડા પ્રધાન બને તો ભારત અંગેના તેમના વિચારો બદલાય તેવી શક્યતા ખૂબ જ ઓછી છે. જો કે, વર્તમાન પરિસ્થિતિ અને જટિલ રાજકીય પરિદૃશ્યને જોતાં, દેશના આગામી વડા પ્રધાન કોણ હશે તેની આગાહી કરવી મુશ્કેલ છે.

ઇઝરાયલના ઇતિહાસના સૌથી ભયંકર હુમલાના લગભગ ત્રણ વર્ષ પછી, દેશભરનાં મતદારો મતદાન કરવાની તૈયારી કરી રહ્યા છે. આ ચૂંટણી ફક્ત બેન્જામિન નેતન્યાહૂ અને તેમનાં વિરોધીઓનું રાજકીય ભવિષ્ય જ નહીં પરંતુ ઇઝરાયલની દિશા પણ નક્કી કરશે તેવી અપેક્ષા છે. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ હમાસના નેતૃત્વ હેઠળના હત્યાકાંડ પછી આ પ્રથમ સામાન્ય ચૂંટણી હશે. આ ચૂંટણી એવા સમયે આવી રહી છે જ્યારે દેશમાં હુમલાની જવાબદારી નક્કી કરવા, લશ્કરી સેવાનો બોજ વહેંચવા અને લોકશાહી સંસ્થાઓ અને ન્યાયતંત્રની સ્વતંત્રતા જેવા મુદ્દાઓ પર તીવ્ર ચર્ચા ચાલી રહી છે. ઘણા વિશ્લેષકો માને છે કે આ ચૂંટણીનાં પરિણામો ઇઝરાયલની આંતરિક રાજનીતિ તેમજ તેના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સંબંધો પર મોટી અસર કરી શકે છે. નેતન્યાહુની વિરોધી છાવણી લઘુમતી સરકાર બનાવવાની શક્યતા પર ચર્ચા કરી રહી છે.

ઇઝરાયલી સંસદ (નેસેટ) માં કુલ ૧૨૦ બેઠકો છે. મતદારો તેમની પસંદગીના કોઈ પણ પક્ષને મત આપી શકે છે. કોઈ પક્ષને તેના મતોની સંખ્યાના પ્રમાણમાં સંસદમાં બેઠકો મળે છે. ઇઝરાયલી મતદારો સૌથી મોટા પક્ષ અથવા અન્ય કોઈ પણ પક્ષને મત આપી શકે છે. કોઈ પક્ષને કેટલી બેઠકો મળે છે તે તેના પર આધાર રાખે છે કે તે સંસદમાં કેટલા પ્રતિનિધિઓ મોકલી શકે છે, પછી ભલે તે શાસક ગઠબંધનમાં હોય કે વિપક્ષમાં. મતગણતરી પૂર્ણ થયા પછી ઇઝરાયલી રાષ્ટ્રપતિ નક્કી કરશે કે કયા પક્ષને સરકાર બનાવવાની પહેલી તક મળશે. તે પક્ષને ૨૮ દિવસનો સમય આપવામાં આવશે. જો તે નિષ્ફળ જાય તો બીજા ક્રમના સૌથી મોટા પક્ષને આ તક આપવામાં આવશે. જો તે પણ નિષ્ફળ જાય, તો ૯૦ દિવસની અંદર નવી ચૂંટણીઓ યોજી શકાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ગાદી આઈઝેનકોટ ઈઝરાયલી સેનાના ભૂતપૂર્વ વડા અને એક શક્તિશાળી વ્યક્તિ છે. ગાઝા પર હમાસના હુમલા પછી તેઓ નેતન્યાહૂ દ્વારા રચાયેલી કટોકટી સરકારમાં જોડાયા હતા

ફક્ત રૂા. ૭૦/- થી શરૂ

જબરજસ્ત એક્શન

જેલર-2

રજનીકાન્ત

૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

હોરર, દુજારીપૂર્ણ (હિન્દી)



418

૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

RUPAM CINEMA

[illegible] bookmyshow.com [illegible]

મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ.
Muthoot Homefin

[illegible]

ડિમાન્ડ નોટિસ

[illegible]

ક્રમ	[illegible]	કુલ બાકી લેણી રકમ (રૂ.)	ડિમાન્ડ નોટિસની તારીખ	ગીરો મુકેલી સિક્યોર્ડ અસ્કયામતનું વર્ણન (સ્થાવર મિલકત)
1	[illegible]	Rs 3,49,355/- [illegible]	24-Sep-2026	[illegible]
2	[illegible]	Rs 3,36,181/- [illegible]	24-Sep-2026	[illegible]
3	[illegible]	Rs 7,03,268/- [illegible]	24-Sep-2026	[illegible]
4	[illegible]	Rs 5,43,180/- [illegible]	24-Sep-2026	[illegible]
5	[illegible]	Rs 6,96,335/- [illegible]	24-Sep-2026	[illegible]
6	[illegible]	Rs 8,21,919/- [illegible]	24-Sep-2026	[illegible]
7	[illegible]	Rs 10,12,003/- [illegible]	24-Sep-2026	[illegible]
8	[illegible]	Rs 6,33,585/- [illegible]	24-Sep-2026	[illegible]
9	[illegible]	Rs 6,07,159/- [illegible]	24-Sep-2026	[illegible]

[illegible]

તારીખ: [illegible]
સ્થળ: સુરત

[illegible] મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

RAJHANS

ગોપીતળાવ
નવસારી બજાર, સુરત

રોમાન્ટિક મ્યુઝીકલ કોમેડી ફિલ્મ

ઉડતા તીર

આયુષ્યમાન ખુરાના, સારાઅલીખાન

૯.૦૦, ૩.૪૫, ૫.૩૦, રાત્રે: ૧૦.૪૫

એકશન સીવર હીટ ફિલ્મ

જેલર-2

રજનીકાન્ત

૧૧.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦,
રાત્રે: ૮.૦૦, ૧૦.૦૦

APPLE CINEMA

[illegible] એક્ઝોટિક મોલ, મહાવીર સંસ્કારધામ, [illegible] મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99684 40007

Book Tickets Now from : bookmyshow.com paytm

ઉડતા તીર
૯.૦૦, ૧૧.૩૦, ૨.૦૦, ૩.૩૦, ૫.૦૦, ૭.૦૦, રાત્રે ૯.૦૦, ૧૦.૦૦

જેલર 2
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, રાત્રે ૮.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૦૦

પ્રહાર
૯.૨૦, ૩.૪૫, રાત્રે ૯.૦૦

તુ હૈ મેરી કિરણ
૪.૧૦

હનુમાન અંશ
૧.૩૦ (હિન્દી)

418
૧.૦૦, ૪.૨૫

હોપ
૪.૨૫, ૬.૩૦

પહેલા પ્યાર દુસરી બાર
૯.૦૫, ૧૧.૫૦, ૩.૦૦, રાત્રે ૯.૨૫

CLAYFACE
૯.૦૫, ૧.૩૫, રાત્રે: ૮.૦૫ (હિન્દી)

મિત્રતા
સવારે ૧૧.૨૫ (ગુજરાતી)

કમાલ છે હુ કાકુ
ગુજરાતી ૬.૨૫

ડમરુ
ગુજરાતી: ૧૨.૫૫, ૬.૧૦

નઈ નવેલી
૯.૦૦, ૨.૦૦, ૧.૩૦

દ્રશ્યમ- 3
૬.૩૦, ૧૧.૦૦, ૨.૨૫, ૫.૨૫, રાત્રે ૧૦.૦૦

સ્ટ્રીટ ફાઈટર
૬.૦૦

તુમ મેરે હો
સવારે ૧૧.૩૫